રત્નસુંદરસૂરિકૃત 'સૂડાબહોંતરી' અથવા 'રસમંજરી'

જૈન કથાપરંપરામાં દાન, શીલ, તપ અને ભાવ પર અનેક કથાઓ દૃષ્ટાંત લેખે રચવામાં આવી છે. એમાં 'શીલ' ઉપર શીલવાન પુરુષ અને ખાસ કરીને શીલવતી સ્ત્રી ઉપર અનેક કથાઓ રચવામાં આવી છે. ફળસ્વરૂપ 'શીલોપદેશમાલા બાલાવબોધ', 'ધર્મોપદેશમાલાવિવરણ', 'ઉપદેશમાલાવૃત્તિ' વગેરે જેવા કથાસંગ્રહો સાંપડે છે. આ કથાઓમાં શીલવતી સ્ત્રી સાથે સાથે શીલભ્રષ્ટ સ્ત્રી કે બેવફા નારીના ચરિત્રને નિરૂપતી સ્ત્રીચરિત્રની કથાઓ પણ જોવા મળે છે. આમાં સ્ત્રી પ્રકૃતિથી જ કુશીલ અને કપટી હોવાનું નિરૂપણ મળે છે.

આવી સ્ત્રી-ચરિત્રની કથાનો સંગ્રહ તે સંસ્કૃતમાં રચાયેલ 'શુકસપ્તતિ' છે. એમાં શુક (પોપટ) દ્વારા કહેવાતી સિત્તેર કથાઓ-સ્ત્રીચરિત્રની કથાઓ જોવા મળે છે. 'શુકસપ્તતિ'ના હાલ બે સંસ્કરણો ઉપલબ્ધ છે. એક તે 'સાધારણ' (Similicior) અને બીજું 'પરિષ્કૃત' (ornatoor). 'સાધારણ'ના કર્તા કોઈ જૈનમુનિ હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે. જે મૂળગ્રંથ પ્રાકૃતમાં હોવાનું સૂચવે છે. 'શુકસપ્તતિ'નો ઉલ્લેખ હેમચંદ્રાચાર્યે એમના યોગશાસ્ત્રમાં कथासप्तति-शैली, मार्जारैव शुको એમ કર્યો છે. બીજે પણ 'શૃંગારપ્રકાશ'માં પણ निदर्शन નામના સાહિત્ય પ્રકારના ઉદાહરણ તરીકે—गद्यप्रबान पदमिश्र मयूर-शुक-मार्जारी' એવો ઉલ્લેખ કર્યો છે. જેનો ઉલ્લેખ હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન'માં પણ કર્યો છે. 'પરિષ્કૃત'નો કર્તા બ્રાહ્મણ ચિંતામણી ભટ્ટ છે. એણે પૂર્ણભદ્ર કૃત 'પંચતંત્ર' (ઈ. સ. ૧૧૯૯)ના જૈન સંસ્કરણનો ઉપયોગ કર્યો હોય એમ લાગે છે. શક્ય છે કે 'બેવફા પત્નીઓ-સ્ત્રીચરિત્ર અંગેની કથાઓ 'પંચતંત્ર'કારે આ 'શુકસપ્તતિ'ના કોઈ પ્રાચીન સંસ્કરણના આધારે રચી હોય. 'શુકસપ્તતિ' સાથે સામ્ય ધરાવતો અન્ય ગ્રંથ તે અજ્ઞાતકૃત 'સિંહાસન કથા' સંગ્રહ છે. જેના અનેક રૂપાંતરો ભારત તેમજ ભારતેતર પ્રદેશની ભાષામાં થયાં છે.

આ પરંપરાને અનુસરીને મધ્યકાલીન ગુજરાતી કવિ શામળે પોતાની 'સૂડાબહોંતરી' કથાગ્રંથની રચના કરી છે. એમાંથી અનેક સંસ્કૃત કથાઓ નીકળી ગઈ છે, અને કેટલીક નવી ઉમેરાઈ છે કે અલ્પપ્રમાણમાં ફેરફારવાળી છે. શામળ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વે જૈનમુનિ રત્નસુંદરસૂરિ કૃત 'સૂડાબહોંતરી' અથવા 'રસમંજરી' (ઈ. સ. ૧૫૮૨માં) પ્રાચીન ગુજરાતીમાં મળે છે. જે હજી અપ્રકાશિત છે. (જેની જુદા જુદા સમયની સાતેક હસ્તપ્રતો પરથી આ લેખક દ્વારા સંપાદન કરવાનું કાર્ય ચાલે છે.)

'રત્નસુંદરસૂરિ' સામાન્યતઃ 'શુકસપ્તતિ' કથાને અનુસરે છે. કેટલીક કથાઓમાં તો સંસ્કૃત કથાનો શબ્દશઃ અનુવાદ કે પુનઃકથન છે. તો કેટલીકમાં નજીવા ફેરફાર કે ગુજરાતીકરણ થયેલું જોવા મળે છે. કેટલીક વાર વર્ણનો પણ બીબાંઢાળ ઊતરી આવ્યાં છે. પ્રસંગોનું નિરૂપણ સંક્ષેપમાં કરવામાં આવ્યું છે જેથી કેટલીકવાર કથાસંદર્ભ પકડવો પણ મુશ્કેલ થઈ જાય છે. શામળની 'સૂડાબહોંતરી' સાથે તુલના કરતાં જણાઈ આવે છે કે તે 'શુકસપ્તતિ'નું શામળ પૂર્વે એક જૈન સાધુના હસ્તે થયેલ આ પ્રાચીન ગુજરાતી સંસ્કરણ છે. શામળમાં જોવા મળતી કેટલીક કથાના શબ્દશઃ મૂળ સ્રોતરૂપે કથાઓ રત્નસુંદરસૂરિમાં જોવા મળે છે. પણ શામળે તો કેટલીક કથાઓ અન્ય કથાસંગ્રહમાંથી કે તત્કાલીન કથાપરંપરામાંથી લાવીને પોતાની 'સૂડાબહોંતરી'માં મૂકી છે, તેમ છતાં શામળ પૂર્વે સંસ્કૃત 'શુકસપ્તતિ'ના એક જૈન સાધુના હસ્તે સ્ત્રીચરિત્રવિષયક પ્રાચીન ગુજરાતીમાં થયેલ સંસ્કરણ લેખે એનું મહત્ત્વ છે.

કનુભાઈ શેઠ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org